ક્રમાંકઃ– જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૦૫
જીઆઈડીસી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા.૬/૫/૨૦૧૫

**//પરિપત્ર//**

વિષયઃ– ગાંધીધામ–ભુજની મીઠીરોહર–૨ ઔદ્યોગિક વસાહતમાં વહીવટી પ્રતિકુળતાના લીધે થયેલ વિલંબના કારણે વિતરણ થયેલ પ્લોટોની તેમજ અન્ય વસાહતોમાં આવા જ પ્રકારના કિસ્સાઓમાં વિતરણની તારીખ બદલી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) નિગમની ૪૭૮ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક–૪૩/વિતરણ/૪૭૮/૨૦૧૫

ઉપરોકત બાબતે નીચે મુજબની નીતિ અમલમાં મુકવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

(૧) નિગમ ધ્વારા વિકસાવવામાં આવેલ ઔદ્યોગિક વસાહતમાં જો નિગમ ધ્વારા સમયસર ઉદ્યોગોની સ્થાપના માટે જરૂરી માળખાકીય સુવિધાઓ પુરી પાડવામાં ન આવી હોય અને આવી સુવિધાઓનાં અભાવને લીધે આવી ઔદ્યોગિક વસાહતનાં ફાળવણીદારો પોતાને ફાળવેલ મિલ્કતનો ઉપયોગ ન કરી શકયા હોય તેવા સંજોગોમાં નિગમની ઈજનેરી શાખા ધ્વારા પ્રથમ સવાલવાળી વસાહતમાં જરૂરી માળખાકીય સુવિધાઓ પુરી પડાયાની તારીખ જાહેર કરવાની રહેશે અને આવી જાહેર થયેલ તારીખનેં નિગમના માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીની મંજુરીથી જે તે વસાહતની નવી વિતરણની તારીખ જાહેર કરી શકાશે. જે તે વસાહતની ઉપરોકત રીતે જાહેર થયેલ નવી ફાળવણીની તારીખ પહેલાં જે કોઈ ફાળવણદીરોને નિગમ ધ્વારા મિલ્કત ફાળવવામાં આવેલ હોય તેવા તમામ ફાળવણીદારોને ઉપરોકત નવી ફાળવણીની તારીખથી તેઓની મિલ્કતનાં વપરાશ માટે ૨ વર્ષનો મોરેટોરીયમ પીરીયડ વધારી આપવાનો રહેશે.

આવા તમામ ફાળવણીદારોએ વસાહતની નવી ફાળવણી તારીખથી ૧ વર્ષની અંદર પોતાના એકમના નકશાની મંજુરી તથા બાંધકામની પરવાનગી નિગમ/સ્થાનિક સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. વસાહતની નવી ફાળવણી તારીખની જાહેરાત પહેલા જે કોઈ ફાળવણીદારોએ એન.યુ. પેનલ્ટી કે અન્ય કોઈ લ્હેણાંનું ચૂકવણું કર્યુ હશે તેઓને આવુ ચૂકવણું પરત કરવાનું રહેશે નહી.

નિગમ ધ્વારા હાલમાં વિકસાવવામાં આવી રહેલ નવી ઔદ્યોગિક વસાહતો જેમાં વસાહતનાં વિકાસની સાથે સાથે વિતરણની પ્રક્રિયા પણ જારી છે તેવી વસાહતોમાં જો સમયસર માળખાકીય સુવિધાઓ પુરી પાડી શકાય નહી અને તેને લીધે જે તે વસાહતનાં ફાળવણીદારો પોતાની મિલ્કતનો સમયસર ઉપયોગ

કરી શકે નહી તેવા સંજોગોમાં ઉપરોકત નીતિ મુજબ નવી વિતરણ તારીખ જાહેર કરવાનો નિર્ણય ગુણ–દોષનાં આધારે લઈ શકાશે.

(૨) નિગમની જુદી જુદી વસાહતોમાં ૬ વર્ષ કે તે પૂર્વે ફાળવવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ/રહેણાંક પ્લોટ/વાણિજય પ્લોટ અને અન્ય મિલ્કતો નો વપરાશ ફાળવણીદાર ધ્વારા આજ પર્યત કરવામાં આવેલ ન હોય અને નિગમનાં આવા ફાળવણીદાર ધ્વારા પોતાની વણવપરાશી મિલ્કતનાં ઉપયોગની સમય મર્યાદા વધારી આપવા અરજી કરવામાં આવે તો આવી મિલ્કતની વપરાશી સમય મર્યાદા હાલ તા.૩૧.૩.૨૦૧૫ સુધી છે, તેમાં એક વર્ષ એટલે કે તા.૩૧.૩.૨૦૧૬ સુધી લાગુ પડતી વણવપરાશી દંડની રકમ તેમજ અન્ય લ્હેણાં વસુલી વધારી આપવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રીને આપવાનું ઠરાવ્યું.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ–</u>

(૧) પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ).